| | |
|---|---|
| દાખલ તારીખઃ- | ૨૬/૦૬/૨૦૨૪ |
| રજીસ્ટર તારીખઃ- | ૨૬/૦૬/૨૦૨૪ |
| નિકાલ તારીખઃ- | ૧૭/૦૩/૨૦૨૬ |
| સમયગાળોઃ- | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૮ ૨૧ |

**ભાવનગરનાં અધિક સત્ર ન્યાયાધીશ(કુ.આર.એ.નાગરી)સાહેબની અદાલતમાં,મુ.તળાજા**

**<u>ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૩૩/૨૦૨૪</u>**
<u>આંક-</u>

**અરજદાર/આરોપીઃ-**
મીતેશકુમાર મુળશંકરભાઈ પંડયા
ઉ.વ.આ.૩૧, ધંધોઃ અભ્યાસ,
રહેવાસીઃ પી. ડબલ્યુ. ડી. કવાટર્સ,
જુની પોલીસ લાઈન, કવોર્ટર નં. ૨૭,
તળાજા નદીના સામા કાંઠે, તળાજા, જી. ભાવનગર.
**(હાલ જયુડીશીયલ કસ્ટડી,ભાવનગર જિલ્લા જેલ,ભાવનગર)**

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ-**
શ્રી સરકાર

**<u>બાબતઃ- સી. આર. પી. સી. કલમ- ૩૨૯(૧) (એ) અન્વયેની અરજી.</u>**

**અરજદાર તરફે વિ.વ.શ્રી યુ. આર. દવે, વિ. વ. શ્રી એચ. જે. ઓઝા**
**સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણી**

**જજમેન્ટ**

(૧) અરજદારની અરજી, અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવા, ઓથોરીટીઓ વિગેરે વંચાણે લીધુ. વધુમાં, અરજદારની માનસીક બિમારી અંગે સર.ટી હોસ્પિટલનું સારવાર કરાવ્યા અંગેનુ તબીબી રેકર્ડ વિગેરે વંચાણે લીધા. અરજદાર તરફે વિ. વ. શ્રી યુ. આર. દવે તથા સામાવાળા તરફે વિ. એ.જી.પી. શ્રી આર.એચ.ખલ્યાણીને સાંભળ્યા.

(૨) હાલના અરજદાર/આરોપી તરફે તેઓ વિરૂધ્ધ નોંધાયેલ તળાજા પો. સ્ટે. ફ. ગુ. ર. નં . ૧૧૧૯૮૦૫૩૨૩૦૭૧૨/૨૦૨૩ ઈ. પી. કો. કલમ– ૩૦૨ તથા જી. પી. એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનાના કામે દાખલ થયેલ સેસન્સ કેસ નં. ૬/૨૪ ની ઈન્સાફી કાર્યવાહી આરોપીની માનસીક સ્થિતિ સામાન્ય થાય ત્યારબાદ આગળ ચલાવવા અંગેનો હુકમ થવા માટે સી. આર. પી. સી. ની કલમ– ૩૨૯(૧) (એ) અન્વયે હાલની અરજી દાખલ કરેલ છે.

(૩) અરજીના કામે અરજદાર તરફે વિ. વ. શ્રી યુ. આર. દવેની રજુઆત છે કે અરજદાર તળાજા પો. સ્ટે. ફ. ગુ. ર. નં. ૧૧૧૯૮૦૫૩૨૩૦૭૧૨/૨૦૨૩ ઈ. પી. કો. કલમ– ૩૦૨ તથા જી. પી. એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનાના કામે તા. ૫/૧૨/૨૩ થી ભાવનગર જીલ્લા જેલ ખાતે જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદાર સને ૨૦૧૭ થી માનસીક બિમારીથી પીડાય છે. અરજદાર અનસાઉન્ડનેસ ઓફ માઈન્ડની સ્થિતિ ધરાવે છે. અરજદારની માનસીક બિમારીની સારવાર સને ૨૦૧૭ થી ચાલુ છે. સને ૨૦૧૭ થી અરજદારની માનસીક બિમારીની સારવાર મરોલી, નવસારી ખાતે કસ્તુરબા સેવાશ્રમ ધ્વારા ચલાવવામાં આવતા મેન્ટલ હેલ્થ એન્ડ રીર્સચ ઈન્સ્ટીટયુટ ખાતે સાઈકીયાટ્રીક ડીપાર્ટમેન્ટના ડોકટરશ્રી નિસર્ગ શાહ પાસે તેમજ ભાવનગર ખાતે આર્શિવાદ નર્સિંગ હોમના ડો. શ્રી રાજેન્દ્ર એમ. કાબરીયા પાસે ચાલી રહેલ છે. વર્ષ ૨૦૨૨ થી ભાવનગર ખાતે આત્મન સાઈકીયાટ્રીક હોસ્પિટલ અને ઈશાન વ્યસન મુકિત કેન્દ્રના સાઈકીયાટ્રીક ડો. શૈલેષ એમ. જાની પાસે અરજદારની માનસીક બિમારીની સારવાર ચાલી રહેલ છે. ત્યારબાદ તા. ૬/૧/૨૪ ના રોજ અરજદારની તબીયત બગડતા જીલ્લા જેલ ભાવનગર ખાતે થી અરજદારને સર. ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે દાખલ કરવામાં આવેલ અને માનસીક બિમારી સબબ સારવાર આપવામાં આવેલ તેમજ ત્યારબાદ અરજદારની તબીયત વધુ બગડતા અરજદારને વારંવાર તા. ૨૪/૧/૨૪, ૬/૨/૨૪, ૧૬/૨/૨૪, ૨૭/૨/૨૪ અને તા. ૧૬/૩/૨૪ ના રોજ જીલ્લા જેલ ભાવનગર ખાતેથી સર. ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે સારવાર માટે લઈ જવામાં આવેલ. અરજદારના મેડીકલ પેપર્સ ધ્યાને લેતાં, અરજદાર બનાવ પહેલાથી પણ માનસીક રોગથી પીડાતા હોય તેવુ જણાઈ આવે છે. જેથી, અરજદારની માનસીક

બિમારી અંગે તપાસ કરવી જરૂરી છે. અરજદારના તબીબી પેપર્સ ધ્યાને લેતાં, અરજદારની માનસીક સ્થિતિ અંગે સમયાંતરે સારવાર ચાલુ છે. અરજદાર સીઝોફ્રેનિક હોવાનો ડોકટરશ્રીનો અભિપ્રાય છે. અરજદારની માનસીક સ્થિતિ સારી નથી તેવો બે ડોકટરશ્રીનો અભિપ્રાય છે. નિષ્ણાંતનો અભિપ્રાય ન માનવાને કોઈ કારણ નથી. અરજદાર છ સાત વર્ષથી માનસીક બિમાર છે. કસ્ટડીમાં રહેલ વ્યકિતની માનસીક સ્થિતિ સારી ન હોવાનો અભિપ્રાય હોય તેવા સંજોગોમાં તે વ્યકિતની ટ્રાયલ ચલાવી શકાય નહી. જેથી, અરજદારની અરજી મંજુર કરી, અરજદાર વિરૂધ્ધના કેસની ટ્રાયલ સ્ટે કરવા માટે રજુઆત કરેલ છે. અરજદાર તરફે તેઓની રજુઆતના સમર્થનમાં આંક–૯ના લીસ્ટથી નીચે મુજબની ઓથોરીટીઓ રજુ કરી તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઉપર આધાર રાખેલ છે.

--- ૨૦૧૬ (૦) એ. આઈ. જે. ઈ. એલ–એચ. સી. ૨૩૬૭૧૯ (ગુજરાત હાઈકોર્ટ)
 સુનીલ તેજબહાદુરસીંગ તે અનીલસીંગ સ/ઓ તેજબહાદુરસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

--- ૨૦૧૯ (૦) એ. આઈ. જે. ઈ. એલ–એચ. સી. ૨૪૦૩૨૧ (ગુજરાત હાઈકોર્ટ)
 સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ મંજુબેન ડો/ઓ કસ્તુરભાઈ નાનજીભાઈ કુંવરીયા (દેવી પુજક)

--- (૨૦૨૩) ૯ એસ. સી. સી. ૭૩૯ (સુપ્રિમ કોર્ટ)
 રૂપેશ મેંગર (થાપા) વિરૂધ્ધ સ્ટેટ ઓફ સીકકીમ

--- (૨૦૨૩) ૫ એસ. સી. સી. ૬૭૩ (સુપ્રિમ કોર્ટ)
 પ્રકાશ નાઈ ઉર્ફે સેન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગોવા

--- (૨૦૧૮) ૭ એસ. સી. સી. ૭૧૮ (સુપ્રિમ કોર્ટ)
 દેવીદાસ લોકા રાઠોડ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

**(૪.૧)** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણીએ સદર કામે નામદાર અદાલતમાં રેકર્ડ ઉપર રજુ થયેલ અરજદારની માનસીક સ્થિતિ અંગેના દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ અરજીના કામે ન્યાયીક હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૫) પક્ષકારોની રજુઆત તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. સદર કામે અરજદાર તરફે રજુ આંક– ૩ ના લીસ્ટથી રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અરજદારની માનસીક સ્થિતિ અંગેની સારવાર સને ૨૦૧૭ થી ચાલી આવતી હોવાનું જણાઈ આવે છે. વધુમાં આંક–૩ ના લીસ્ટથી રજુ નીશાની ૩/૧૭ થી ૩/૨૨ મુજબ રજુ સર. ટી. હોસ્ટિપલના ડોકટર્સ ધ્વારા અરજદારને આપવામાં આવેલ સારવારના પેપર્સ ધ્યાને લેતાં, અરજદારની માનસીક સ્થિતિ સંબધે સારવાર ચાલુ હોવાનું જણાઈ આવે છે. વધુમાં સદર અદાલત તરફથી અરજદારની સારવાર અંગેના તબીબી પેપર્સ તથા આરોપીની માનસીક સ્થિતિ સંબધેનો માનસીક રોગના વિભાગના નિષ્ણાંતનો અભિપ્રાય મેળવવા અત્રેની અદાલત તરફથી અધિક્ષકશ્રી જીલ્લા જેલ, ભાવનગરને યાદી કરવામાં આવેલ, જે યાદી અન્વયે અધિક્ષકશ્રી જીલ્લા જેલ, ભાવનગર તરફથી આરોપીના સારવાર અંગેના મેડીકલ પેપર્સ રજુ કરતાં જે આંક–૫ થી રેકર્ડમાં સામેલ રાખવામાં આવેલ છે. સદર આંક–૫ માં સામેલ તા. ૩/૭/૨૪ નું સર. ટી. હોસ્પિટલનો આરોપીની માનસીક અંગેનો રીપોર્ટ સમગ્રપણે ધ્યાને લેતાં આરોપી ને સીઝોફ્રનીયાની બિમારી હોવાનું તેમજ તે સબંધે તેમની સારવાર ચાલુ હોવાનું જણાઈ આવે છે. જેથી, સદર હકીકતને અરજદાર તરફે આગળ ઉપર ઉલ્લેખ કરેલ છે તે મુજબના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોના પરિપેક્ષ્યમાં લક્ષમાં લેતાં, અરજદાર વિરૂધ્ધના કેસની ઈન્સાફી કાર્યવાહી અરજદારની માનસીક સ્થિતિ સામાન્ય થાય ત્યાં સુધી મોકુફ રાખવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાંતુ હોઈ, અરજી લગત ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે. અરજદાર વિરૂધ્ધ નોંધાયેલ તળાજા પો. સ્ટે. ફ. ગુ. ર. નં. ૧૧૧૯૮૦૫૩૨૩૦૭૧૨/૨૦૨૩ ઈ. પી. કો. કલમ– ૩૦૨ તથા જી. પી. એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનાના કામે દાખલ થયેલ સેસન્સ કેસ નં. ૬/૨૪ ની ઈન્સાફી કાર્યવાહી અરજદારની માનસીક સ્થિતિ સામાન્ય થાય ત્યાં સુધી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

જેલરશ્રી, જીલ્લા જેલ ભાવનગરને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ અરજદારની માનસીક બિમારી સંબધે સર. ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે જરૂરી સારવાર કરાવવી અને અરજદાર તેઓ વિરૂધ્ધના કેસની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માટે માનસીક રીતે સક્ષમ થયેલ છે કે કેમ તે સંબધિત અરજદારની માનસીક સ્થિતિ અંગેનો માનસીક આરોગ્યના નિષ્ણાંત ડોકટરશ્રીના અભિપ્રાય સહીતનો રીપોર્ટ દર પંદર (૧૫) દિવસે અત્રેની અદાલત સમક્ષ રજુ કરવો. સદર રીપોર્ટ સેસન્સ કેસ નં. ૬/૨૪ ના કામે રજુ કરવાનો રહેશે.

સદર હુકમની યાદી જેલરશ્રી, જીલ્લા જેલ ભાવનગરને લેખિતમાં મોકલવી.

આ હુકમ આજરોજ તારીખ–૧૭ મી, માહે– માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૭/૦૩/૨૦૨૬
સ્થળ–તળાજા

(આર.એ.નાગોરી)
એડીશ્નલ સેશન્સ જજ,
ભાવનગર,મુ.તળાજા
જી.જે. ૦૦૫૭૮